સરકારી કુમાર છાત્રાલય(કોલેજ કક્ષા) રૈયાધાર, રાજકોટ ખાતે વિજળીકરણ માટે અને આદર્શ નિવાસી શાળા (વિ.જા.) કુમાર, ડીસા(મુ.ભોયણ), જિ.બનાસકાંઠામાં નવી ELCB નાખવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૩૨૦૨૨/MSM-૧૨૩૩/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૦૯/૦૨/૨૦૨૨

વંચાણે લીધો-
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૦/૧૦/૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ વિજાક/સ.છા./મરામત/૨૧-૨૨/૧૦૭૩

આમુખ :

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણે વંચાણે લીધેલા તા.૨૦/૧૦/૨૦૨૧ના પત્રથી સરકારી કુમાર છાત્રાલય(કોલેજ કક્ષા) રૈયાધાર, રાજકોટ ખાતે વિજળીકરણને લગતી કામગીરી માટે રૂ.૯૩,૭૧૭/- અને આદર્શ નિવાસી શાળા (વિ.જા.) કુમાર, ડીસા(મુ.ભોયણ), જિ.બનાસકાંઠામાં નવી ELCB નાખવા માટે થનાર અંદાજિત ખર્ચ રૂ.૬૧,૮૭૮ ને મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

પુખ્ત વિચારણાને અંતે સરકારી કુમાર છાત્રાલય(કોલેજ કક્ષા) રૈયાધાર, રાજકોટ ખાતે વિજળીકરણને લગતી કામગીરી માટે રૂ.૯૩,૭૧૭/- EXECUTIVE ENGINEER ELECTRICAL(R&B) DIVISION, RAJKOT ખાતે અને આદર્શ નિવાસી શાળા (વિ.જા.) કુમાર, ડીસા(મુ.ભોયણ), જિ.બનાસકાંઠામાં નવી ELCB નાખવા માટે અંદાજિત ખર્ચ રૂ.૬૧,૮૭૮ ને કાર્યપાલક ઇજનેરશ્રી, પાટનગર યોજના, વિદ્યુત વિભાગ, ગાંધીનગરને એમ મળીને કુલ રૂ.૧,૫૫,૫૯૫/-ને હવાલે મૂકવા માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતોઃ-

(૧) નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ ક્રમના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક : એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) સરકારી ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ મારફત કરવા અંગેના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૪/૦૮/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/(બો/કોર્પો.)/ચ માં આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) આ અંગેનું ખર્ચ માંગણી નં.૮૪, મુખ્ય સદરઃ ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદરઃ 03 પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદરઃ૨૭૭ શિક્ષણ, પેટા સદરઃ૪૨ મકાનો હેઠળ કરવામાં આવેલ જોગવાઇ માંથી કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૦/૦૧/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે.એ. ચૌહાણ )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીત વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં.૪/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ,, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી(નિયામકશ્રી મારફત)
- કાર્યપાલક ઇજનેરશ્રી, રાજકોટ વિદ્યુત વિભાગ, રાજકોટ
- કાર્યપાલક ઇજનેરશ્રી, પાટનગર યોજના, વિદ્યુત વિભાગ, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી, (વિ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેકશન અધિકારીશ્રી(કો.સેલ), સા.ન્યા.અને અ.વિ.. સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સેકશન અધિકારીશ્રી(બજેટ શાખા), સા.ન્યા.અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ